પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૨૭૫ • કુલ પાના : ૪ • તારીખ : ૧૩-૦૭-૨૦૨૩ ગુરૂવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ટામેટાના વધતા ભાવ વચ્ચે કેન્દ્રએ મોટું પગલું ઉઠાવ્યું

# કેન્દ્ર સરકારે નાફેડ, NCCFને આંધ્ર, કર્ણાટક, મહારાષ્ટ્રમાંથી ટામેટાં ખરીદવાનો નિર્દેશ આપ્યો



નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે નાફેડ, એનસીસીએફને મુખ્ય વપરાશ કેન્દ્રોમાં વિતરણ માટે આંધ્ર, કર્ણાટક, મહારાષ્ટ્રમાંથી ટામેટાં ખરીદવાનો નિર્દેશ આપ્યો છે. સરકાર દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર શુક્રવારથી દિલ્હી-એનસીઆર ક્ષેત્રમાં ગ્રાહકોને સબસિડીવાળા ભાવે રિટેલ આઉટલેટ્સ દ્વારા ટામેટાંનું વિતરણ કરવામાં આવશે. ગ્રાહક બાબતોના મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે ૧૪ જુલાઈથી દિલ્હી-એનસીઆરમાં ગ્રાહકોને ટામેટાં રિટેલ આઉટલેટ્સ દ્વારા ઓછા દરે વેચવામાં આવશે. નેશનલ એગ્રીકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન (એનએએફઈડી) અને નેશનલ કન્ઝ્યુમર કોઓપરેટિવ ફેડરેશન (એનસીસીએફ)ને ટામેટાં ખરીદવાનું કામ સોંપવામાં આવ્યું છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, ટામેટાંને એવા સ્થળોએ ઓછા ભાવે વહેંચવામાં આવશે જ્યાં છેલ્લા એક મહિનામાં રિટેલ કિંમતો રાષ્ટ્રીય સરેરાશ કરતા વધારે છે.

દેશના ઘણા ભાગોમાં ટામેટાના ભાવ ૨૦૦ રૂપિયા પ્રતિ કિલોને પાર પહોંચી ગયા છે. જથ્થાબંધ મંડીઓમાં પણ તેની કિંમત ૧૫૦ થી ૧૮૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગઈ છે. બજારના જાણકારોના મતે છેલ્લા પખવાડિયામાં જ બજારમાં ટામેટાંના ભાવ ચાર ગણા અને કેટલીક જગ્યાએ તેનાથી પણ વધી ગયા છે. ગાઝિયાબાદના જથ્થાબંધ શાકભાજી માર્કેટમાંથી ટામેટાં ખરીદતા અને છૂટક બજારમાં વેચતા સચિન કહે છે કે જૂનની શરૂઆતમાં જે ટામેટાં બજારમાં તેની ગુણવત્તાના આધારે ૩૦ થી ૪૦ રૂપિયાના ભાવે વેચાતા હતા તે હવે ભાવે વેચાઈ રહ્યા છે. ૧૦૦ થી ૧૮૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયા છે.

ટામેટાં ઉપરાંત લીલા મરચાંના ભાવ પણ આસમાને છે. લીલા મરચાનો ભાવ જે છેલ્લા પખવાડિયામાં ૫૦ થી ૬૦ રૂપિયા પ્રતિ કિલો હતો તે હવે ૧૨૦ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચી ગયો છે. આદુનો ભાવ પણ ૩૦૦ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચી ગયો છે. શાકભાજીના ભાવ વધારાને કારણે ગૃહિણીઓનું રસોડાનું બજેટ ખોરવાઈ ગયું છે. ટામેટા પહેલેથી જ રસોડાથી દૂર થઈ ગયો હતો. હવે મરચાં અને આદુના ભાવમાં ઉછાળાથી સામાન્ય લોકો પરેશાન છે. ટામેટાં મામલે સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાથી લોકોને રાહત મળશે તેવી આશા છે.

માર્કેટમાં શાકભાજીના વધતા ભાવ અંગે સ્થાનિક ગૃહિણીઓ સંધ્યા અને કવિતાએ જણાવ્યું કે ટામેટાંનો ઉપયોગ ન કરવાને કારણે લોકો માત્ર પરેશાન નથી પરંતુ શાકભાજીના સ્વાદ પર પણ અસર થઈ રહી છે. હવે ટામેટાની સાથે લીલા મરચાના ભાવમાં પણ વધારો થયો છે. જેના કારણે સમસ્યામાં વધુ વધારો થયો છે. ગૃહિણીઓ વિમલા, સરોજ, સુનિતા કહે છે કે જે રીતે શાકભાજીના ભાવ વધી રહ્યા છે તે જોતા લાગે છે કે આવનારા દિવસોમાં રસોડામાંથી લીલા શાકભાજી દૂર થઈ જશે.

## દેશના ઘણા ભાગોમાં ટામેટાની કિંમત ૨૦૦ રૂપિયા પ્રતિ કિલોને પાર પહોંચી ગઈ છે

### દેશના વિવિધ શહેરોમાં ટામેટાના ભાવ

અનુક્રમે નંબર શહેર અને મહત્તમ દર (રૂ.પ્રતિ ક્વિન્ટલ) મહત્તમ ભાવ (રૂ.પ્રતિ ક્વિન્ટલ) આવક છૂટક કિંમત (રૂ.પ્રતિ ક્વિન્ટલ) નીચે પ્રમાણે છે.

૧. હૈદરાબાદ સ્થાનિક ૨૪૦૦ ૬૪૦૦ ૮૮ ૧૪૦૦૦.
૨. કોલકાતા હાઈબ્રિડ ૧૦૦૦૦ ૧૦૫૦૦ ૨૪ ૧૬૦૦૦.
૩. મુંબઈ હાઈબ્રિડ ૭૦૦૦ ૯૦૦૦ ૧૬૫ ૧૨૦૦૦.
૪. પટના હાઈબ્રિડ ૧૦૦૦૦ ૧૨૦૦૦ ૧૦ ૧૬૦૦૦.
૫. પુણે હાઈબ્રિડ ૩૫૦૦ ૯૦૦૦ ૨૧૬ ૧૫૦૦૦.
૬. રાંચી હાઈબ્રિડ ૫૧૦૦ ૭૦૦૦ ૨૨ ૧૦૦૦૦.
૭. રાંચી સ્થાનિક ૪૫૦૦ ૬૦૦૦ ૨૦ ૯૦૦૦.
૮. શ્રીનગર હાઈબ્રિડ ૮૫૦૦ ૯૩૦૦ ૭ ૧૩૦૦૦.
૯. વારાણસી હાઈબ્રિડ ૬૩૦૦ ૭૮૦૦ ૯૯ ૧૨૦૦૦.

# બેંગ્લોરમાં વિપક્ષોની બેઠકમાં ખુદ સોનિયા હાજર રહેશે

બેંગ્લોર,

૨૦૨૪ની લોકસભા ચૂંટણી પુર્વે વિપક્ષોમાં ભંગાણના ભાજપના ઓપરેશન- 'કમલમ'માં મહારાષ્ટ્રમાં એનસીપીમાં ઉભા ફાડીયા થયા અને હવે બિહારમાં પણ જનતાદળ (યુ) રાજદ વચ્ચે તનાવ વધી રહ્યો છે તે અમો તા.૧૭-૧૮ના રોજ બેંગ્લોરમાં વિપક્ષોની બેઠક મળનાર છે તેમાં વધુ આઠ વિપક્ષો પણ જોડાય તેવી ધારણા છે અને કુલ ૨૪ પક્ષો એક થઈ શકે છે.

તો કોંગ્રેસ તરફથી હવે પુર્વ અધ્યક્ષ શ્રીમતી સોનિયા ગાંધી આ બેઠકમાં હાજરી આપી યુપીએને પુનઃજીવિત કરવા પ્રયાસ કરી શકે છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગે હવે નાના પક્ષોને હવે બેંગ્લોર બેઠકમાં હાજરી આપવા આમંત્રણ આપવા લાગ્યા છે જેમાં ખાસ કરીને દક્ષિણમાં જયાં વિપક્ષો અને નાના પક્ષો મજબૂત છે ત્યાં વધુ જોર કેન્દ્રીત કરી ભાજપને જે બેઠકોની ખાધ ઉતર અને પશ્ચિમમાં પડી શકે છે તે દક્ષિણમાં પુરી ન થઈ શકે તે જોવાનો વ્યુહ છે. જે નાના પક્ષોને આમંત્રણ અપાયા છે તેમાં તામિલનાડુના એનડીએમકે, કેડીએમકે, વીસીકે આ તમામ ડીએમકે કે અન્ના ડીએમકેમાંથી જુદા પડેલા છે અને તેઓ બે-બે લોકસભા બેઠકો પર પણ મહત્વના છે તો રીવોલ્યુશનની સોશ્યાલીસ્ટ પાર્ટી, ઓલ ઈન્ડીયા ફોરવર્ડ બ્લોક, ઈન્ડીયન યુનિયન મુસ્લીમ લીગ કેમ્પ કોંગ્રેસ (જોસેફ ગ્રુપ) કેરળ કોંગ્રેસ (મણીગ્રુપ) સહિતના પક્ષો છે. સોનીયા ગાંધીની આ બેઠકમાં હાજરી હતી. વિપક્ષોમાં હવે કોંગ્રેસ પક્ષ વિપક્ષી એકતા માટે ગંભીર છે તે સંદેશ ગયો છે. અગાઉ બે વખત યુપીએનું નેતૃત્વ કરી ૧૦ વર્ષ શાસન ચલાવ્યું હતું તો નાના પક્ષોને સાથે લઈને મતોનું વિભાજન અટકાવાનો પણ વ્યુહ છે. શ્રી ખડગે આ બેઠક માટે વ્યુહાત્મક રીતે આગળ વધી રહ્યા છે તથા તેઓ પટણા બેઠકની યાદ અપાવી નિતિશકુમારને પણ મહત્વ આપી રહ્યા છે. શ્રી ખડગેએ જયારે વિપક્ષોએ પત્ર લખ્યો તો તેમાં તેઓએ ૨૦૨૪ને જ લક્ષ્યમાં રાખવા માટે સૌને યાદ અપાવ્યું હતું. ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસના ચુંટણી ગણીત નિષ્ણાંતોએ એક અભ્યાસ પેપર તૈયાર કરીને તેમાં દક્ષિણ-પશ્ર્ચીમ-ઉતર ભારતમાં કઈ રીતે પરીસ્થિતિ બદલી શકાય છે તેના પર આગળ વધવા માટે સૌને સંમત કરાવાશે.

સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસ હવે થોડી બેઠકોનું બલીદાન દેવા તૈયાર છે અને તેની સામે તેના ગઢ જેવા રાજયો વિપક્ષો પાસે વધુ બેઠકો માંગશે અને આ રીતે ભાજપને તેના ૪૦૦ બેઠકોના લક્ષ?યથી દૂર રાખીને પણ બાદમાં આ વર્ષના અંતે યોજાનારી ધારાસભા ચુંટણીના પરિણામો બાદ વધુ આગળ વધાશે.




# એક બાજુ અનેક રાજ્યોમાં પૂર તો બીજી બાજુ ૧૨ રાજ્યોમાં દુકાળ જેવી સ્થિતિ



નવીદિલ્હી,

દેશમાં આજકાલ કમોસમી વરસાદ નોંધાઈ રહ્યો છે. ક્યાંક વરસાદથી રાહત છે તો ક્યાંક પરેશાની છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને ચોમાસાના પવનોને કારણે ઉત્તર ભારતમાં ગયા અઠવાડિયે ભારે વરસાદ થયો હતો. બીજી તરફ, આવા ૧૨ રાજ્યો છે, જ્યાં નબળા ચોમાસાને કારણે વરસાદમાં ભારે ઘટાડો થયો છે.

તેલંગાણા, કેરળ, કર્ણાટક, બિહાર અને ઝારખંડ જેવા ૧૨ મધ્ય, દક્ષિણ અને પૂર્વોત્તર રાજ્યો હજુ પણ નબળા ચોમાસામાંથી પસાર થઈ રહ્યા છે. તે જ સમયે, ૧ જૂનથી શરૂ થયેલા ચોમાસા માટે ભારતીય હવામાન વિભાગ ના વરસાદના આંકડા દર્શાવે છે કે તમિલનાડુ સિવાયના તમામ દક્ષિણ રાજ્યોમાં આ સિઝનમાં અપેક્ષિત કરતાં ઓછો વરસાદ થયો છે.

જુલાઈના પ્રથમ સપ્તાહમાં દક્ષિણમાં, ભારે વરસાદ કેરળ અને કર્ણાટકના દરિયાકાંઠાના વિસ્તારો સુધી મર્યાદિત હતો, જ્યારે મુખ્ય ભૂમિમાં નોંધપાત્ર વરસાદ થયો ન હતો. આ સિવાય તેલંગાણા, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને કેરળના ભાગોમાં પાકની વાવણીમાં વિલંબ થયો છે. કર્ણાટક અને તેલંગાણા સરકારોએ ચોમાસું ઓછું રહેવાની વાત કરી છે.તેલંગાણા સ્ટેટ ડેવલપમેન્ટ એન્ડ પ્લાનિંગ સોસાયટી (TSDPS) અનુસાર, રાજ્યમાં ૧ જૂનથી ૧૧ જુલાઈ સુધી ૧૫૦.૪ મિમી વરસાદ નોંધાયો હતો. એટલે કે સામાન્ય ૧૯૭.૫ મીમી વરસાદ કરતાં ઘણો ઓછો વરસાદ થયો હતો. જ્યારે ગત વર્ષે આ સમયગાળા દરમિયાન રાજ્યમાં ૩૯૫.૬ મીમી ભારે વરસાદ નોંધાયો હતો.ટીએસડીપીએસ બુલેટિન જણાવે છે કે ગયા વર્ષની સરખામણીમાં તેલંગાણામાં -૬૫ ટકા વરસાદની ખાધ જોવા મળી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ચોમાસું ૨૪ જૂને શરૂ થયું હતું અને તે અનિયમિત રહ્યું છે. વિકરાબાદ, સંગારેડ્ડી, સિદ્ધિપેટ અને નારાયણપેટમાં સામાન્ય કરતાં થોડો વધારે વરસાદ નોંધાયો છે, જ્યારે આ સિવાયના તમામ ૨૯ જિલ્લાઓમાં ઓછો વરસાદ થયો છે.

કર્ણાટકમાં, અધિકારીઓએ જણાવ્યું હતું કે કૃષ્ણરાજસાગર ડેમ જેવા મોટાભાગના મોટા બંધો, જે બેંગલુરુ માટે પાણીનો મહત્વપૂર્ણ સ્ત્રોત છે, લગભગ સૂકાઈ જવાના આરે છે. પાણીનું સ્તર મહત્તમ ૧૨૪.૮ ફૂટ કરતાં ૩૦ ફૂટ નીચે છે. ગત વર્ષની સરખામણીએ પાણીનું સ્તર ૧૦૬.૫ ફૂટ હતું તે જ સમયે, હૈદરાબાદ અને કર્ણાટક પ્રદેશોને સપ્લાય કરતા તુંગભદ્ર ડેમને પણ પાણીની જરૂર છે. હાલમાં માત્ર ૪.૧ ટીએમસી પાણી છે, જે ગયા વર્ષના ૪૩.૯ ટીએમસી કરતા ઘણું ઓછું છે. કર્ણાટક સ્ટેટ નેચરલ ડિઝાસ્ટર મોનિટરિંગ સેલના જણાવ્યા અનુસાર, કર્ણાટકમાં કાવેરી અને તુંગભદ્રા જેવી નદીઓને ખોરાક આપતા કેચમેન્ટ વિસ્તારોમાં ચોમાસાની સિઝનના પ્રથમ ૩૫ દિવસ દરમિયાન સામાન્ય કરતાં ત્રીજા ભાગનો ઓછો વરસાદ પડ્યો છે. ચિંતા વ્યક્ત કરતાં એક અધિકારીએ કહ્યું કે લગભગ તમામ વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ છે, પરંતુ સરેરાશ વરસાદ ૧૨ સેમીથી વધુ નથી. આનાથી જળાશયો પર ભારે દબાણ સર્જાયું છે અને જો પરિસ્થિતિ પલટવામાં નહીં આવે તો વીજ ઉત્પાદન અને પીવાના પાણીના પુરવઠાને અસર થઈ શકે છે.

કેરળના ઘણા વિસ્તારોમાં ૩૧ ટકા વરસાદની ઘટ છે. અહીં વરસાદ બહુ ઓછો પડે છે. કેરળ ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે ઉત્તર કેરળના કેટલાક ભાગોને બાદ કરતાં મોટાભાગના અન્ય વિસ્તારોમાં ઓછો વરસાદ થયો છે. તેમણે કહ્યું કે ૧૪ માંથી ૯ જિલ્લાઓમાં ભારે વરસાદની અછત છે.આઈએમડીએ કહ્યું કે દક્ષિણ ભારતમાં ચોમાસું તેની શરૂઆતથી જ નબળું રહ્યું છે જેનું મુખ્ય કારણ ચક્રવાત બાયપરજોય છે.આઈએમડીના વૈજ્ઞાનિક જેનમણીએ જણાવ્યું હતું કે પશ્ચિમી વિક્ષેપ અને ચોમાસાના પવનના કારણે ઉત્તરમાં ભારે વરસાદ થયો હતો. તે પૂર્વ તરફ આગળ વધ્યું છે અને આગામી દિવસોમાં ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશમાં વરસાદ પડશે. અમે બંગાળની ખાડીમાં ડિપ્રેશનની રચના સાથે દક્ષિણ ભારતમાં થોડા દિવસોમાં વરસાદ ફરી શરૂ થવાની અપેક્ષા રાખીએ છીએ. પૂર્વીય રાજ્ય બિહારમાં -૩૩ ટકા, ઝારખંડમાં -૪૩ ટકા અને ઓડિશામાં -૨૬ ટકા ઓછો વરસાદ નોંધાયો હતો. જોકે, પશ્ચિમ બંગાળમાં પૂરતો વરસાદ થયો છે. આસામ સિવાય પૂર્વોત્તરના તમામ રાજ્યોમાં વરસાદની અછત છે. જો કે આ રાજ્યોમાં સરેરાશ વરસાદ દેશની સરેરાશ કરતા વધુ છે.

## મુંબઈ લોકલ ટ્રેન બ્લાસ્ટ કેસના ૫ દોષીઓની ફાંસીની સજા પર ૧૭ વર્ષ પછી પણ મહોર નહીં



મુંબઈ,

જુલાઈ ૨૦૦૬ માં મુંબઈ લોકલ ટ્રેનમાં થયેલા બોમ્બ ધડાકાને ૧૭ વર્ષ વીતી ગયા, પરંતુ હજુ સુધી આ ઝનાના ૫ અપરાધીઓને મળેલી ફાંસીની સજા પર બોમ્બે હાઈકોર્ટની મહોર લાગી નથી. સપ્ટેમ્બર ૨૦૧૫ માં મુંબઈની સેસન્સ કોર્ટે આ કેસમાં ૧૨ આરોપીઓને દોષી ઠેરવ્યા હતા.જેમાં ૫ લોકોને ફાંસીની સજા ફટકારાઈ હતી.

ઉલ્લેખનીય છે કે હાઈકોર્ટની મંજુરી વિના ફાંસીની સજાની પુષ્ટિ નથી થતી.ફાંસીની સજાની પુષ્ટિ માટે રાજય સરકારે હાઈકોર્ટમાં અપીલ કરી હતી. જયારે આરોપીએ ફાંસીની સજાને પડકારી હતી. જોકે ૨૦૧૫ થી અત્યાર સુધી અપીલની સુનાવણી શરૂ નથી થઈ.દરમ્યાન આ મામલો હાઈકોર્ટની ૯ જુદી જુદી બેન્ચો પાસે સુનાવણી માટે ગયો હતો.

આ મામલે પૂર્વ ન્યાયાધીશ બી.જી.કોલસે પાટીલે જણાવ્યું હતું કે મોતની સજા પામેલા દોષીઓની અપીલની સુનાવણીમાં આટલો વિલંબ ન્યાયીક પ્રશાસનની ખામીઓ બતાવે છે.આ વિષય પર ગંભીરતાથી વિચાર કરવો જોઈએ કારણ કે મૃત્યુ કરતા મૃત્યુનો વિચાર વધુ પીડાદાયક હોય છે.

મુંબઈઃ ૧૧ જુલાઈ ૨૦૦૬ ના પશ્ચિમ રેલવેના અલગ અલગ લોકેશનો પર સાત જગ્યાએ બોમ્બ ધડાકા થયા હતા.જેમાં ૧૮૦ લોકોના મોત થયા હતા અને ૮૦૦ લોકો ઘાયલ થયા હતા. ૨૦૦૬ અને ૨૦૦૮ વચ્ચે એટીએસે ઈન્ડીયન મુજાહીદીન સાથે જોડાયેલા ૧૩ લોકોની ધરપકડ કરી હતી. ત્યારે કોર્ટે ૧૨ લોકોને દોષી ઠેરવ્યા હતા અને ૧ આરોપીને છોડી દીધો હતો.

## ચાલુ વર્ષના પ્રથમ છ મહિનામાં, વિશ્વમાં ૨.૧૨ લાખથી વધુ કર્મચારીઓએ નોકરી ગુમાવી

નવીદિલ્હી,

વિશ્વની મોટી કંપનીઓમાં છટણીની પ્રક્રિયા અટકી જ રહી નથી. એમેઝોન, ગૂગલ, ટ્વિટર, મેટા જેવી કંપનીઓએ છેલ્લા કેટલાક મહિનામાં ઘણા તબક્કામાં કર્મચારીઓની છટણી કરી છે. જાન્યુઆરીમાં ૧૦,૦૦૦ કર્મચારીઓની છટણીની જાહેરાત કરનારી કંપની માઈક્રોસોફ્ટે ફરી એકવાર સેંકડો કર્મચારીઓને બહારનો રસ્તો બતાવ્યો છે. મોટાભાગના અસરગ્રસ્ત કર્મચારીઓ ગ્રાહક સેવા, સપોર્ટ અને વેચાણ ટીમો સાથે સંબંધિત છે. ગીક વાયરમાં છપાયેલા અહેવાલ મુજબ, આ કર્મચારીઓને જાન્યુઆરીમાં કંપની દ્વારા જાહેર કરાયેલ ૧૦,૦૦૦ છટણી ઉપરાંત બરતરફ કરવામાં આવ્યા છે. આ કર્મચારીઓ અમેરિકાના વોશિંગ્ટન રાજ્યમાં કામ કરતા હતા. આ છટણી બેલેવ્યુ અને રેડમંડ ઓફિસમાં ૨૧૦ અને ૬૬ વર્ચ્યુઅલ કર્મચારીઓને અસર કરે છે. ગીક વાયરના સમાચાર અનુસાર, આ બાબતે માહિતી આપતાં કંપનીના અધિકારીએ કહ્યું કે અમારા કર્મચારીઓના વધુ સારા ઉપયોગ માટે અમે સમયાંતરે અમારું સંચાલન કરીએ છીએ. આવી સ્થિતિમાં આ પરિવર્તન અમારા કામનો નિયમિત ભાગ છે. આ સાથે અધિકારીએ એમ પણ કહ્યું કે આગામી સમયમાં તેમની કંપનીના હિત અને ગ્રાહકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તેઓ આવા નિર્ણયો લેતા રહેશે. નોંધનીય છે કે અગાઉ મે મહિનામાં માઈક્રોસોફ્ટે કુલ ૧૫૮ કર્મચારીઓને બહારનો રસ્તો બતાવ્યો હતો. આ છટણી જાન્યુઆરીમાં પ્રસ્તાવિત છટણી કરતા પણ અલગ હતી. જેની અસર વોશિંગ્ટન સ્ટેટમાં કામ કરતા કર્મચારીઓ પર પડી હતી. માઈક્રોસોફ્ટના ચેરમેન અને સીઈઓ સત્ય નડેલાએ જાહેરાત કરી હતી કે એફવાય ૨૦૨૩ ના ત્રીજા ક્વાર્ટર સુધીમાં કંપનીમાં કુલ ૧૦,૦૦૦ હોદ્દા ખતમ થઈ જશે. આવી સ્થિતિમાં, સિએટલમાં, કંપનીએ પહેલા મોટા પાયે કુલ ૨,૭૦૦ કર્મચારીઓને બહારનો રસ્તો બતાવ્યો હતો. વર્ષ ૨૦૨૩નો અડધો સમય પસાર થઈ ગયો છે અને વર્ષના પ્રથમ છ મહિનામાં જ વિશ્વભરમાં નોકરીઓનું સંકટ એટલું ઊંડું થઈ ગયું છે કે સર્વત્ર ચિંતાના વાદળો ઘેરાઈ ગયા છે. વર્ષના પ્રથમ છ મહિનામાં, વિશ્વમાં ૨.૧૨ લાખથી વધુ કર્મચારીઓએ તેમની નોકરી ગુમાવી છે, પછી તે મોટી ટેક કંપનીઓ હોય કે સ્ટાર્ટઅપ, આ તમામમાં સ્થિતિ સમાન છે. ૨૦૨૩ના પ્રથમ છ મહિનામાં વૈશ્વિક ટેક્નોલોજી ક્ષેત્રની સ્થિતિ વધુ ચિંતાજનક બની રહી છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# ફતેપુરા તાલુકા પંચાયતમાં મનસ્વી વહિવટ !!!

- મનનરેગાના માનીતા કોન્ટ્રાકટરોને એકતરફે માતબર રકમ ફળવાઈ.
- હકદાર અને ગરીબ શ્રમિકોને મહેનાણી ગ્રાન્ટથી વંચિત.
- ખાનગી બાંધકામ કોન્ટ્રાકટરોને આર્થિક લાભ અપાયોની બૂમ.
- જવાબદાર અધિકારીઓએ જવાબ દેવાથી હાથ ખંખેર્યા.
- નરેગાની કરોડોની ગ્રાન્ટ તાત્કાલિક આપી દીધી, હવે કર્મચારીઓ કહે, સમજાતું નથી.

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના મનરેગાના બીજા અધ્યાયમાં ચોંકાવનારો ઘટનાક્રમ ઉભરી આવ્યો છે. અગાઉ વહીવટી મંજૂરીમાં તોડકાંડની તપાસ સામે હજુ કાર્યવાહીનો નિર્ણય થયો નથી વધુ એક નવો મામલો સામે આવ્યો છે. ચારેક દિવસ અગાઉ કરોડોની ગ્રાન્ટ મામલે જે થયું તેને લઈ શોરબકોર મચી ગયો છે. ફતેપુરા તાલુકા પંચાયતને મનરેગા હેઠળ કરોડોની ગ્રાન્ટ મળી અને આ ગ્રાન્ટ ગણતરીના કલાકોમાં મટીરીયલ એજન્સીને ફાળવાઈ ગઈ. હવે આ મામલે એપીઓ કહે, ખેંચાઈ ગઈ પરંતુ મને પણ પૂરતી સમજ નથી. ટીડીઓ કહે છે કે, મને પણ ચિંતા છે કંઈ ખબર પડતી નથી. આ તરફ મામલો ચર્ચાસ્પદ બની જતાં સ્થાનિક આગેવાનોએ રજૂઆત કરી તપાસની માંગ કરી છે. શું છે કરોડોની ગ્રાન્ટનો મામલો અને શું આ ગ્રાન્ટ મેળવવાના તાર રાજકીય સાથે સંકળાયેલા છે ?

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં ગત શુક્રવારે કરોડોની એટલે કે કરોડોમાં પણ આંકડો મોટો હોઈ શકે તેટલી રકમની પ્રક્રિયા સામે ગંભીર સવાલો ઉભા થયા છે. વાત એમ છે કે, ફતેપુરા તાલુકા પંચાયતને મનરેગા હેઠળ મટીરીયલ ખર્ચની કરોડોની ગ્રાન્ટ મળી અને પછી તાલુકા પંચાયતથી પળવારમાં કરોડોની ગ્રાન્ટ કોન્ટ્રાક્ટ એજન્સીને ફળવાઈ ગઈ. વાત આટલી નથી. મટીરીયલની ગ્રાન્ટ એટલી સુપર ફાસ્ટ ગતિએ ૨ એજન્સીને ફળવાઈ ગઈ કે, વાત બહાર આવતાં કર્મચારીઓ પણ માથું ખંજવાળવાની હાલતમાં મૂકાયા છે. મટીરીયલ ખર્ચની ગ્રાન્ટ કેમ પૂર્વ ચકાસણી, પૂર્વ કાળજી વગર અને એકાઉન્ટન્ટ શાખાની શંકાસ્પદ ભૂમિકામાં કોન્ટ્રાક્ટરને અપાઈ ગઈ ? ગ્રાન્ટ ફાળવાઈ ગયા બાદ મનરેગા એપીઓ, ટીડીઓ અને લાગતાવળગતા કેમ ચિંતામાં મૂકાયા છે ?

સૂત્રોએ જણાવ્યું હતુ કે, જો ગ્રાન્ટ મટીરીયલ એજન્સીને આપવાની હતી તો ચિત્તા ગતિએ કેમ આપી દીધી ? શુક્રવારે ગ્રાન્ટ મળી અને મટીરીયલ એજન્સીને તાત્કાલિક ફાળવી દેવાનો હુકમ કોણે કર્યો ? દિવસભર મનરેગા એપીઓ ફોન ઉપર ગોળ ગોળ વાતો કરી પરંતુ વિગતો કેમ જાહેર ના કરી ? તાલુકામાં મનરેગાની કરોડોની ગ્રાન્ટ અને રાજકીય પીઠબળ ધરાવતી ૨ મટીરીયલ એજન્સીનો મુદ્દો ચર્ચાસ્પદ કેમ બન્યો ? મામલો ગંભીર હોવાની આશંકા જણાતાં સ્થાનિક જાગૃત આગેવાનોએ તપાસ કરી પરંતુ કોઈ વિગતો નહિ મળતાં રજૂઆત કરી માહિતી જાહેર કરવાની માંગ કરી છે.




# દાહોદ જીલ્લામાં ધીમીધારે વરસાદ પડતા ખેડુતોમાં આનંદ



દાહોદ,

દાહોદ જીલ્લામાં છેલ્લા બે, ત્રણ દિવસથી ધીમી ધારે વરસાદ પડી રહ્યો છે. ખેડુતોમાં આનંદની લાગણી સાથે ધરતીપુત્રો ખેતીકામમાં જોતરાઈ ગયાં છે. ત્યારે લીમખેડાનો ઉમરીયા ડેમ ઓવરફ્લો થયો હતો. જેને પગલે આસપાસના લોકોને સાવચેત રહેવા પણ તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી હતી.

લીમખેડા તાલુકામાં ગતરાત્રે ભારે વરસાદના પગલે સવારે ૯ કલાકે ઉમરીયા ડેમ ભરાઈને ૨૮૦ મીટરની જળ સપાટી વટાવીને ૩૦ સેન્ટિમીટરની સપાટીએથી છલકાવા લાગતા તાલુકાના ધરતીપુત્રોમાં આનંદ છવાયો છે. લીમખેડા તાલુકામાં છેલ્લા બે દિવસથી છૂટો છવાયો અને ધીમીધારે વરસાદ વરસી રહ્યો હતો. લીમખેડા નગરના નીચાણવાળા વિસ્તારોમાં ઘૂંટણ સમા પાણી ભરાયા હતા. ઉપરવાસમાં ભારે વરસાદના પગલે ઉમરીયા ડેમમાં પાણીનો પ્રવાહ વધ્યો હતો અને ડેમમાં ૧૧૭૬ ક્યુસેક પાણીની આવક નોંધાઈ હતી. જ્યારે ડેમ માંથી ૯૦૫ ક્યુસેક પાણીની જાવક થઈ રહી છે. ગઈકાલે સાંજે ૬ કલાક થી આજે બુધવારે સવારના ૬ વાગ્યા સુધીમાં ડેમ વિસ્તારમાં ૨૪ કલાકમાં ૨૪ એમએમ વરસાદ નોંધાયો હતો. આજે સવારમાં ઉમરીયા ડેમની જળ સપાટી ૨૮૦ મીટર વટાવી ૩૦ સેન્ટીમીટરે ઓવર ફ્લો થવા લાગ્યો હતો. લીમખેડા તાલુકાનો જીવાદોરી સમાન ગણાતા આ ઉમરીયા ડેમ ઓવરફ્લો થતાં તાલુકાના ધરતીપુત્રોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી. જોકે, કાંઠા વિસ્તારના લોકોને નદી કિનારે નહીં જવા માટે સાવચેત કરવામાં આવ્યાં છે. દાહોદ શહેરની વાત કરીએ તો દાહોદ શહેરમાં પણ ધીમી ધારે વરસાદ ચાલુ છે. વાતાવારણમાં ઠંડક પ્રસરી જવા પામી છે, ત્યારે દાહોદ શહેરના જાહેર માર્ગો ધોવાઈ જતાં રસ્તા પર ખાડાઓ પડી ગયાં છે. આવા ખાડાવાળા રસ્તાઓ પરથી પસાર થતાં રાહદારીઓ અને વાહન ચાલકોને અવર જવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાડાવાળા રસ્તાઓમાં વરસાદી પાણી ભરાઈ જતાં ખાબોચીયાઓનું સામ્રાજ્ય સર્જાઈ જવા પામ્યું છે. ખાડાઓને પગલે વાહન ચાલકોને અકસ્માતનો ભય પણ સતાવી રહ્યો છે.

# દાહોદના મોટી ઘાંચીવાડ વિસ્તારમાં આંખનો ચેપી રોગ ફેલાતા આરોગ્ય ટીમ દ્વારા તપાસ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરના મોટા ઘાંચીવાડ વિસ્તારમાં ચેપી રોગ ફેલાયો છે. જેમાં લોકોની આંખો લાલ તેમજ આંખ ઉપર સોજા આવી જતાં આ અંગેની જાણ દાહોદ આરોગ્ય વિભાગની ટીમને થતાં આરોગ્ય વિભાગની ટીમ મોટા ઘાંચીવાડ વિસ્તાર ખાતે પહોંચી જઈ સર્વે કામગીરી હાથ ધરી હતી. જેમાં મોટા ભાગના લોકોમાં આ સમસ્યા જોવા મળી હતી.

દાહોદ શહેરના મોટા ઘાંચીવાડા વિસ્તારમાં છેલ્લા કેટલાંક દિવસોથી આ વિસ્તારના લોકોને આંખની સમસ્યા જોવા મળી હતી. જેને પગલે આ વિસ્તારના લોકો નજીકના સરકારી દવાખાના સહિત ખાનગી દવાખાનામાં જોવા મળ્યાં હતાં. દર્દીઓને આ સમસ્યામાં આંખ લાલ થવી તેમજ આંખ ઉપર સોજા આવી ગયાં હતાં. આ અંગેની જાણ દાહોદ આરોગ્ય વિભાગની ટીમને થતાં આરોગ્ય વિભાગની ટીમ મોટા ઘાંચીવાડ વિસ્તારમાં પહોંચી ગઈ હતી. જે લોકોમાં આ સમસ્યા જોવા મળી આરોગ્ય વિભાગની ટીમ દ્વારા તેઓને આઈ ડ્રોપ વિતરણ કરવામાં આવ્યાં હતાં. આ સાથે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા આ સમસ્યા ક્યાં કારણોસર ઉદ્ભવી રહી છે, તે માટે આ વિસ્તારના પાણીના નમુના પણ લેવામાં આવ્યાં હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા જાણવા મળ્યાં અનુસાર, આ કન્સેટીવ વાઈરલ છે અને આવા દર્દીઓની સારવાર કરવામાં આવી છે. આ વાઈરલ વિસ્તારમાં ગંદકીને કારણે ફેલાય છે. સ્વચ્છતા ન જાળવવાના કારણે તેમજ ખાવા, પાણી પીવામાં ધ્યાન ન રાખતા હોવાને કારણે આ વાઈરલ ફેલાય છે. આ વાઈરલ એકબીજાના સંપર્કમાં આવવાના કારણે વધુ ફેલાય છે. માટે ગંદકી ન કરવી, સ્વચ્છતા જાળવવી તેમજ જેને આ લક્ષણો હોય તેવા વ્યક્તિઓએ આરોગ્ય મામલે ધ્યાન આપવું જરૂરી છે.

# દાહોદથી અમરનાથ યાત્રાએ ગયેલા દાહોદ ૧૫ યાત્રાળુઓ દર્શન કરી પરત ફરતા કાજીગુંડમાં ફસાયા



દાહોદ,

દાહોદ જીલ્લાના સંજેલી તાલુકાના સંજેલી થી ગત ૩૦ જૂન-૨૩ ના રોજ વડોદરાની વૈશાલી ટ્રાવેલ્સમાં અમરનાથની યાત્રાએ ગયેલા સંજેલીના કલાલ તેમજ પ્રજાપતિ ૧૫ સહિત વડોદરાના ૨૫ જેટલા યાત્રાળુઓનો સમૂહ અમરનાથના દર્શન કર્યા બાદ પરત ફરતાં નગરથી ૫૦ કિલોમીટરના અંતરે આવેલ કાજીગુંડ ગામે આવ્યા હતા. બાદ આ શ્રદ્ધાળુઓને જાણવા મળેલ કે, કાજીગુંડ થી ૬૦ કિ.મી. દુરના અંતરે આવેલ પુલ ભારે વરસાદના કારણે તૂટી ગયેલ હોય તેના લીધે હાલ રસ્તો બંધ હોવાની જાણ થતા આ શ્રદ્ધાળુઓને પરત આવવા મુશ્કેલી ઉભી થઈ હતી. જોકે, હાલ આ તમામ યાત્રાળુઓ કાજીપુર સી.આર.પી.એફ. કેમ્પમાં આશરો લઈ રહ્યા હોવાનું જાણવા મળે છે. તેમજ હાલ તેઓને સહી સલામત રીતે પરત મોકલવા ત્યાંના તંત્ર દ્વારા કામગીરી કરાઈ રહેલ હોવાનું જાણવા મળે છે. જોકે, મળતી માહિતી અનુસાર દાહોદ જીલ્લાના સંજેલી થી અમરનાથ ખાતે યાત્રા કરવા ગયેલા આ યાત્રાળુઓનો સમૂહ ૭ મી જુલાઈના રોજ બાબા અમરનાથના દર્શન કરી પરત આવવા રવાના થયા હતા અને સાંજે શ્રીનગર થી ૫૦ કિલોમીટર દૂર કાજીગુંડ વિસ્તારમાં ભારે વરસાદ અને લેન્ડ સ્લાઈડિંગ થવાના પગલે ફસાઈ ગયા હતા અને છેલ્લા પાંચ દિવસથી તેઓ રાહત કેમ્પમાં આશરો લઈ રહ્યા હતા. પરંતુ આજની સવાર આ યાત્રાળુઓ માટે સારા સમાચાર લઈને આવી હતી. જેમાં સ્થાનિક તંત્ર દ્વારા એલાન કરવામાં આવ્યું હતું કે લેન્ડ સ્લાઈડિંગના લીધે જે માર્ગ બાદ થયો હતો. તેનો કાટમાલ દૂર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો છે અને સંભવત આજે સાંજે અથવા આવતીકાલે સવારે યાત્રાળુઓને પરત ફરવા માટે રવાના કરવામાં આવશે તેમ જણાવ્યું છે. જોકે, સંજેલી થી અમરનાથ યાત્રાએ ગયેલા અને કાજીગુંડ સી.આર.પી.એફ. કેમ્પમાં આશરો લઈ રહેલા શ્રદ્ધાળુઓમાં હસમુખભાઈ કલાલ, રમેશભાઈ કલાલ, કમલેશભાઈ કલાલ, નરેશભાઈ કલાલ, પંકજભાઈ કલાલ, પીન્ટુભાઈ કલાલ, કુમેશભાઈ કલાલ, નરેશભાઈ પ્રજાપતિ, મનિષાબેન કલાલ, કાંતાબેન કલાલ, ઉષાબેન કલાલ, દીપીકાબેન કલાલ, ભારતીબેન કલાલ, ભાવનાબેન કલાલ તથા સંતોષબેન પ્રજાપતિનો સમાવેશ થાય છે. જ્યારે ૨૫ જેટલા શ્રદ્ધાળુઓ વડોદરાના હોવાનું જાણવા મળે છે.

# દાહોદમાં ઋતુજન્ય રોગચાળા માટે તપાસ કરતા ૫૪૭ લોકો બિમાર મળ્યા

દાહોદ,

દાહોદ જિલ્લામાં હાલમાં બેવડી ઋતુનો માહોલ ચાલી રહ્યો છે. તેવા સમયે જિલ્લામાં ઋતુજન્ય રોગોના દર્દીઓ દિનપ્રતિદિન વધી રહ્યા હોવાથી આરોગ્ય તંત્ર મેલેરીયા નાબુદી માટે સક્રિય થયુ છે. દાહોદ શહેરમાં ૫૪ લોકોની ટીમ બનાવીને આરોગ્ય કાર્યકરો દ્વારા સર્વે હાથ ધરાયો હતો. જેમાં મેલેરિયા, ડેન્ગ્યુ, અટકાવવા માટે જરૂરી પગલા લેવામાં આવ્યા હતા. સર્વેમાં દાહોદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના આરોગ્ય કાર્યકરો પણ જોડાયા હતા. દાહોદ શહેરમાં સર્વે દરમિયાન ૩૬૪૦ ઘરોની તપાસ કરાઈ હતી. ત્યારે તેમાંથી ૩૨૮ લોકોને શરદી, ૨૦૩ લોકોને ખાંસી સાથે તાવ જોવા મળ્યો હતો. ૧૧ લોકો શંકાસ્પદ મેલેરિયા જેવા જયારે એક વ્યકિતને શંકાસ્પદ ડેન્ગ્યુનો લક્ષણ મળી આવ્યો હતો. આરોગ્ય વિભાગ દ્વારા ૨૦ લોકોના લોહીના નમુના લીધા હતા. દાહોદ જિલ્લામાં આ ચોમાસામાં અનિયમિત વરસાદ વરસી રહ્યો છે. તેને કારણે મચ્છરોનો ઉપદ્રવ પણ વધી ગયો છે. બીજી તરફ હાલમાં બેવડી ઋતુ અનુભવાઈ રહી છે જેના કારને વાયરલના દર્દીઓ નોંધાઈ રહ્યા હોવાનુ જાણવા મળ્યુ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.275

# તત્કાલીન કલેક્ટર એસ.કે. લાંગાની ધરપકડ થતાં પંચમહાલના જમીન માફિયાઓમાં ફફડાટ અને પ્રજામાં અનેક ચર્ચાઓ

ગોધરા,

ગાંધીનગરના પૂર્વ IAS એસ.કે.લાંગાની જમીન કૌભાંડ મામલે ગઈકાલે માઉન્ટ આબુથી ધરપકડ કરવામાં આવી છે. જેના પગલે પંચમહાલવાસીઓમાં ચર્ચાનો વિષય બન્યો છે. ભુતકાળમાં જીલ્લામાં પણ કલેક્ટર તરીકે ફરજ બજાવનાર લાંગા સામે પણ જમીન કૌભાંડની તપાસમાં હકીકત બહાર આવેલ હોવાને લઈને ટુંક સમયમાં સરકાર દ્વારા મહેસુલી તપાસ આધારે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરાવાની વકી હોવાને લઈને ભૂમાફિયાઓમાં ફફડાટની લાગણી વ્યાપી ગઈ છે.

સામાન્ય રીતે સરકારમાં કલેક્ટર જેવા પ્રતિષ્ઠિત પદ ધરાવતા અધિકારીઓ પ્રજાના એક આદર્શ હોય છે અને કોઈને અન્યાય ન થાય તે પ્રમાણે સરકારના ઘડાયેલા નિયમોનુસાર ફરજ બજાવીને જીલ્લાના વિકાસ અને પ્રજાના સુખાકારી માટે પગલાં ભરવામાં આવવાની નૈતિક જવાબદારી હોય છે. પરંતુ આઈ.એ.એસ. એસ.કે.લાંગા જેવા લાંચિયા અને લોભીયા અધિકારીઓ સત્તાનો દુરઉપયોગ કરીને નીતિનિયમોને કોરાણે મૂકીને મનસ્વી વહિવટ કરવાની ટેવ ધરાવે છે. એક-બે રીંગણા લઉં.... તેવી કહેવત અનુસાર સરકારને પણ અંધારામાં રાખીને



બારોબાર જમીન કૌભાંડ આચરવામાં માહિર બનેલા પંચમહાલ જીલ્લાના ભૂતપૂર્વ કલેક્ટરે પોતાની ફરજકાળ દરમિયાન જમીન પ્રકરણોમાં ભારે ગેરરીતિ આચરીને મસમોટી આર્થિક લાભ મેળવ્યો હોવાનો ફલક પર આવતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. જેમાં ૨૦૧૮-૧૯ના ગાળામાં ગાંધીનગર કલેક્ટર તરીકે રહેલા એસ.કે. લાંગા વિરૂદ્ધ મામલદારે સરકાર તરફથી ગાંધીનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેમણે મૂળસાણા, પેથાપુર સહિતના ગામોની જમીનમાં વહીવટી ગેરરીતિ આચરી આર્થિક લાભ મેળવી સરકારને કરોડોનું નુકસાન પહોંચાડ્યાની અને અપ્રમાણસર મિલકત વસાવ્યાની ફરિયાદ નોંધાવી હતી. જે બાદ તેની તપાસ હાથ ધરવામાં આવી હતી અને ફરાર લાંગાની ધરપકડ માટે પોલીસના અથાગ પ્રયાસો બાદ માઉન્ટ આબુ સંતાયેલા એસ.કે. લાંગા એક હોટલની રૂમની અંદરથી મળી આવતા ગાંધીનગર પોલીસ મથકે લાવી પૂછપરછ ચાલી રહી છે.

અત્રે નોંધનીય છે કે, પંચમહાલ જીલ્લામાં તત્કાલીન કલેક્ટર પદે રહેલા એસ.કે.લાંગા દ્વારા સ્થાનિક જમીન માફિયાઓ અને દલાલોની સાંઠગાંઠ આચરીને અનેક વિવાદિત જમીન પ્રકરણોને પૈસાની લેતીદેતી કરીને ફાઈલ કલીયર કરવામાં આવી હતી. એટલું જ નહિ આ દલાલોની ટોળકી ગોધરાના કલેક્ટર કચેરીમાં અડીંગો જમાવીને સામાન્ય જમીન અરજદારોને પણ લુંટવામાં અને લલચાવવામાં બાકી રાખતા ન હતા. આ દલાલો મોં માંગી રકમ મેળવી અને ફાઈલ નીચે જરૂરી વજન મૂકયા બાદ જ આવા પ્રકરણોનો કહેવાતો નિકાલ કરવામાં આવતો હતો. જેમાં ખરેખર ખેડુત નથી અને જમીનોના વ્યવસાય સાથે સંકળાયેલ બિલ્ડર લોબીના છે તેવા દલાલોને પણ બોગસ ખેડુતો બનાવીને ખેડુતની વારસાઈ આપી દેવાઈ હતી. એટલું જ નહિ જમીન ફેરબદલ બાદ જ ચોકક્સ પ્રિમીયમ રકમ સરકારને ચુકવવાની હોય છે. પરંતુ નીતિનિયમોનો છેદ ઉડાવી દઈને નજીવી રકમ આવા પક્ષકારો પાસે ભરાવીને સરકારને આર્થિક નુકશાન પહોંચાડ્યું હતું. એટલું જ નહિ લાંબા સમયથી ચાલતી વિવાદિત પ્રકરણોમાં પણ ખોટા ખોટા ગેરમાર્ગે દોરતા નિયમો દર્શાવીને પ્રકરણોને વધુ ગુંચવી દઈને તપાસના નામે બારોબાર એકતરફી નિર્ણય લઈને જમીન માફિયાઓને લાભ પહોંચાડી દેવામાં બાહોશ અને નિષ્ણાંત તત્કાલીન કલેક્ટર એસ.કે.લાંગા વિરૂદ્ધ સરકારમાં ઉગ્ર રજુઆતો થઈ હતી. જે તે સમયે ભ્રષ્ટ કલેક્ટર હોવાની બુમો ઉઠી હતી. પરંતુ સત્તા આગળ શાણપણ નકામું એવી કહેવત સાચી પડી હતી. પરંતુ માતરમાં આચરેલી મોરસ ઓપરન્ડી મુજબ પંચમહાલમાં પણ આજ તરકીબ અજમાવાઈને જમીન કૌંભાડ આચરાયું હોવાનું મહેસુલી ટીમની તપાસમાં બહાર આવતાં ખળભળાટ મચી ગઈ છે અને આ પ્રકરણમાં હજુ કાયદેસરની કાર્યવાહી થવાની બાકી છે. તેવા સમયે એસ.કે.લાંગાની ધરપકડ બાદ પંચમહાલના જમીન કૌભાંડ સાથે સંકળાયેલા જમીન માફિયાઓમાં ફફડાટની લાગણી વ્યાપી ગઈ છે. હવે જોવું રહ્યું કે, આગામી સમયમાં આ જીલ્લાના જમીન કૌભાંડમાં લાંગા સામે અને કોન કોન મોટા માથા ધરાવતા બિલ્ડરો અને જમીનો દલાલો એવા જવાબદારો સામે શું કાર્યવાહી ધરાય છે. તેના સામે પ્રજાની મીટ મંડાઈ છે.

### પંચમહાલમાં બેનંબરી રોકાણએ તંત્ર માટે તપાસનો વિષય...?

પ્રાથમિક તપાસમાં એસ.કે.લાંગા દ્વારા કૌભાંડ મારફતે મેળવેલ ગેરકાયદેસર આવક દ્વારા વિવિધ ઠેકાણે રોકાણ કરાયું હોવાની વિગતો બહાર આવી છે. ત્યારે પંચમહાલ જીલ્લામાં પણ કલેક્ટર તરીકે સત્તાનો દુરઉપયોગ કરીને મેળવેલી આવક દ્વારા પંચમહાલ જીલ્લામાં કોઈ રોકાણ કરવામાં આવ્યું છે કે કેમ તે એક તપાસનો વિષય બન્યો છે. કારણ કે ગોધરા અને હાલોલ હાઈવે દિનપ્રતિદિન વિકાસની હરણફાળ ભરી રહેલા નગરો છે. અને આ નગરોની આસપાસ તેમાંય હાઈવે ટચ જમીનોના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. જેથી બેનંબરી આવક ધરાવનારાઓ આવા સ્થળોએ ખાનગી રોકાણ કરતા હોય છે. આથી આ વિસ્તારોમાં પણ તેઓ દ્વારા પાર્ટનરશીપમાં કે અન્ય ત્રાહિત વ્યક્તિઓ મારફતે રોકાણ કર્યું છે કે કેમ તે એક તંત્ર માટે તપાસનો વિષય હોવાનું લોકો માની રહ્યા છે. ત્યારે ઉંડી અને તટસ્થ તપાસ હાથ ધરવામાં આવે તો પણ કંઈક તથ્ય બહાર આવે તેમ પ્રજાના મતે જણાય છે.

- ભૂતકાળમાં ગેરકાયદેસર ખેડુત વારસાઈ અને પ્રિમીયમ રકમના કૌભાંડની તપાસ થયેલી છે.
- પંચમહાલ જીલ્લાના વિવિધ કેસો સંદર્ભે ગેરરીતિ બહાર આવ્યા સંદર્ભે હવે મહેસુલની રાહે કાર્યવાહી થવાની વકી.
- આગામી સમયમાં આ જીલ્લાના જમીન કૌભાંડમાં લાંગા સામે અને કોન કોન મોટા માથા ધરાવતા બિલ્ડરો અને જમીનો દલાલો એવા જવાબદારો સામે શું કાર્યવાહી ધરાય છે. તેના સામે પ્રજાની મીટ મંડાઈ છે.
- ટુંક સમયમાં પંચમહાલ જીલ્લાના કેસ સંદર્ભે ભ્રષ્ટાચારના કેસમાં એસ.કે. લાંગાની સામે કાર્યવાહી થવાની ભણકારા.
- ગાંધીનગર જીલ્લાના જમીન ગેરરીતિની તપાસ અર્થે પૂર્વ IAS અધિકારી એસ.કે. લાંગાને ગાંધીનગર SP ઓફિસ લવાયા.
- ખોટા દસ્તાવેજ અને સત્તાનો દૂરઉપયોગ કરવા બાબતે થઇ હતી ફરિયાદ.
- માતર વિરોજા ગામે બોગસ ખેડૂત બન્યા હતા. કાર્યકાળ દરમિયાન પેથાપુરમાં સરકારી જમીન ખાનગી વ્યક્તિને અપાવી.
- બિન ખેડૂતોને ખેડૂત બનાવી જમીનને બિનખેતીમાં તબદીલ કરવાનું કૌભાંડ કર્યું.

### ગાંધીનગરમાં ૨૦ કરોડનું કૌભાંડ આચર્યું

રેન્જ આઈ.જી. અભય ચુડાસમાએ જણાવ્યું કે, પ્રાથમિક તપાસમાં ૨૦ કરોડનું કૌભાંડ આચર્યું હોવાનું સામે આવ્યું છે. તપાસમાં મૂળસાણા, પેથાપુર ગામનું પ્રકરણ સામે આવ્યું છે. તપાસમાં બેનામી સંપત્તિની માહિતી મળી છે. તેમની પાસે જૂનાગઢમાં ૪ બંગલા અને માતરમાં જમીન છે. હજી ઘણી બધી માહિતી સામે આવી રહી છે. એસ.કે.લાંગાની અનેક પ્રોપર્ટી પણ મળી આવી છે. જમીન પ્રમાણપત્ર પણ શંકાસ્પદ છે. વધુ વિગતો પૂછપરછ બાદ સામે આવશે. આ ભ્રષ્ટાચાર કેસમાં બળવંત ગઢવીનું પણ નામ સામે આવ્યું છે. બળવંત ગઢવી નામના પાર્ટનરનું પણ આ કેસમાં નામ સામે આવ્યું છે. તમને જણાવી દઈએ કે, બળવંત ગઢવી વટવા વિધાનસભાના કોંગ્રેસના ઉમેદવાર હતા. વટવામાં બહારના ઉમેદવાર હોવા મુદ્દે વિરોધ થયો હતો. છતાં પૈસાના જોરે ટિકિટ મેળવી હોવાનો પણ તેમની પર આક્ષેપ થયો હતો . બળવંત ગઢવીએ ફોર્મમાં રૂ. ૨૮.૮૧ કરોડની સંપત્તિ દર્શાવી હતી.

## શહેરાના પાટીયા ગામે પાલિકાને ઘન કચરાના નિકાલ માટે ફળવાયેલ ૩ હેકટર જમીન ઉપર પોલીસ બંદોબસ્ત સાથે કંપાઉન્ડ વોલની કામગીરી શરૂ કરાઈ

શહેરા,

શહેરા નગરના પરા વિસ્તારમાં પટિયા ગામ પાસે પસાર થતા ડામર રસ્તાને અડીને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ઘન કચરાના નિકાલ માટે સરકાર દ્વારા ત્રણ હેક્ટર જમીન વર્ષ ૨૦૨૦માં ફાળવવામાં આવી હતી. નગર પાલિકા પોલીસ બંદોબસ્ત સાથે કમ્પાઉન્ડ વોલની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

શહેરા નગરના પરા વિસ્તારમાં પટિયા ગામ પાસે પસાર થતા ડામર રસ્તાને અડીને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ઘન કચરાના નિકાલ માટે સરકાર દ્વારા ત્રણ હેક્ટર જમીન વર્ષ ૨૦૨૦માં ફાળવવામાં આવી હતી. જે તે સમયે પાલિકા દ્વારા



તસ્વીર : તુષાર દરજી, શહેરા

અહીં દિવાલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવતા આજુબાજુના સ્થાનિક લોકોએ આનો સખત વિરોધ કર્યો હતો. જ્યારે બુધવારના રોજ નગર પાલિકાના એન્જિનિયર જીગ્નેશ શાહ, સેનેટરી ઈન્સ્પેક્ટર જીતેન્દ્રસિંહ રાઠોડ પોલીસ બંદોબસ્ત સાથે સ્થળ પર પહોંચી જઈને કમ્પાઉન્ડ વોલની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

જેસીબી મશીનના મદદથી ખાડા ખોડવા સહિત ની અન્ય કામગીરી દિવસ દરમિયાન કરવામાં આવી હતી. આવનારા દિવસોમાં નગરપાલિકામાં વિસ્તારમાંથી કચરો ટ્રેકટર સહિતના અન્ય વાહનોમાં ભરી લાવીને અહીં કચરો એકત્રિત કરીને ઘન કચરાનો નિકાલ કરવાની કામગીરી અહીં કરવામાં આવનાર છે. જોકે, જ્યાં સુધી આ કમ્પાઉન્ડની કામગીરી કરવામાં આવશે ત્યાં સુધી પોલીસ બંદોબસ્ત અહીં ગોઠવવામાં આવનાર હોવાનું પાલિકા તંત્ર પાસેથી જાણવા મળેલ હતું.

## ગોધરા તાલુકાના પોપટપુરાની ખેતીની જમીનની વેચાણ નોંધ પડાવનાર મૂળ ખાતેદાર ખેડુત હોવાનો ઉલ્લેખ ન થતાં નોંધ રદ...

ગોધરા,

ગોધરા તાલુકાના હાઈવે રોડ ઉપર આવેલ જમીન ૨૦૨૨ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી પરિવારના સભ્યને વેચાણ કરાયેલ હોય આ ખેતીની જમીનમાં વેચાણ દસ્તાવેજના આધારે વેચાણકર્તાનું નામ કમી કરી વેચાણ લેનારનું નામ દાખલ કરવાની નોંધ માટે મામલતદાર કચેરીમાં કાગળો મુકતા મામલતદાર કચેરીની કાગળોની તપાસ દરમિયાન અગાઉ ગામ રેકર્ડ ઉપર દાખલ થયેલ મૂળના ખેડુત ખાતેદાર હોવાનો ઉલ્લેખ કે પુરાવા નહિ રજુ કરતાં વેચાણ નોંધ નામંજુર કરાઈ હતી.

ગોધરા શહેરના હાઈવે રોડ ઉપર આવેલ જમીન ખેતીની હોય અને કબ્જેદાર કુબરા અલીઅસગર બાલુવાલાના નામે ચાલતી હોય જે જમીન ૨૦૨૨ના વર્ષમાં પરિવારના સભ્ય રીયાઝ યુસુફી બાલુવાલાને અવેજની રકમથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી આપવામાં આવી હતી. ખેતીની જમીન વેચાણ આપનારનું નામ કમી કરી જમીન વેચાણ લેનારનું નામ દાખલ કરી નોંધ પાડવા માટે ગોધરા મામલતદાર કાગળો મુકવામાં આવ્યા હતા. આ જમીનમાં અગાઉ ગામે રેકર્ડ દાખલ ફેરફાર નોંધ યુસુફ અબુલી શહેરાવાલાના મૂળના ખેડુત ખાતેદાર હોવાનો પુરાવો રજુ નહિ કરતાં નોંધ નામંજુર કરાઈ હતી. જો હાલની વેચાણ નોંધ મામલતદાર દ્વારા મૂળ ખેડુતના પુરાવાના અભાવે રદ કરાઈ હોય તો અગાઉ પણ આ જમીનમાં ફેરફાર નોંધ કરાયેલ હતી તે પાડવામાં મહેસુલ વિભાગે આધારે કેમ તપાસ્યા નહિ હોય.

## સંતરોડમાં રેલ્વે ફાટક ખોલવામાં મનમાનીથી લોકો પરેશાન

સંતરોડ,

મોરવા(હ)તાલુકાના સંતરોડ ગામે ગામના વચ્ચેથી રેલ્વે લાઈન પસાર થાય છે. જે બોમ્બે-દિલ્હી લાઈન છે. આ રેલ્વે લાઈનના કારણે વ્યવહારને પસાર કરવા માટે અહિં ફાટક આપવામાં આવેલ છે. આ ફાટકનુ ઓપરેટિંગ રેલ્વે સ્ટેશનથી કરવામાં આવે છે. આ ફાટકને ખોલવો અને બંધ કરવો એ રેલ્વે સ્ટેશન ઉપરથી ચાવી આપ્યા બાદ કરવામાં આવે છે. આ ફાટક ઉપર ફાટક ખોલ-બંધ કરવા માટે ગેટમેન મુકવામાં આવેલ છે. ઘણા સમયથી ગેટમેનની મનમાનીના કારણે ફાટકને પસાર કરીને જવા-આવવા વાળા વાહનચાલકો ખુબ જ તકલીફ વેઠી રહ્યા છે. અપ અને ડાઉનની ટ્રેનો પસાર થઈ જવા છતાં પણ ફાટક ખોલવામાં આવતી નથી. જેને કારણે વાહનચાલકોને લાંબા સમય સુધી ફાટક ખોલવાની રાહ જોઈને ઉભા રહેવુ પડે છે. આ બાબતે રહિશો રેલ્વે વિભાગમાં રજુઆત કરી નિરાકરણ આવે એવી આશા રાખી રહ્યા છે.

## ગોધરા તાલુકા પોલીસના અપહરણના ગુન્હાના વોન્ટેડ આરોપીને પેરોલ સ્કોર્ડ દ્વારા નડીયાર ખાતેથી ઝડપ્યો

ગોધરા,

ગોધરા તાલુકા પોલીસ મથકના અપહરણના ગુન્હામાં વોન્ટેડ આરોપીને નડીયાદ ખાતેથી બાતમીના આધારે ઝડપી પાડવામાં આવ્યો.



પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકા પોલીસ મથકે ૨૦૨૧માં પોક્સો અને અપહરણના ગુન્હાનો આરોપી રાજેન્દ્ર કમલેશભાઈ પટેલ (રહે. ઓરવાડા, તા. ગોધરા) વિરૂદ્ધ નોંધાયેલ હતો. આરોપી નાસતો ફરતો વોન્ટેડ આરોપી હોય આરોપી અંગે પેરોલ ફલો સ્કોર્ડને બાતમી મળી હતી કે, હાલ નડીયાદ બી.એસ.એન.એલ. કોલોનીમાં પિતા સાથે સરકારી ક્વાટરમાં રહેતો હોય જેથી આધારે પોલીસે આરોપીને ઝડપી પાડી ગોધરા તાલુકા પોલીસને સોંપવામાં આવ્યો છે.

## પ્રકૃતિની જનેતા એટલે પંચમહાલ-ઘોઘંબા તાલુકાનો પાલ્લા ગામે આવેલો કરાડ ડેમ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકાના પાલ્લા ગામમાં આવેલો કરાડ ડેમ ૧૯૫૬ થી ૧૯૫૭ના સમયગાળા બાંધવામાં આવ્યો એમ કહેવાય છે. આ ડેમના જમણાં કાંઠા નહેરની કામગીરી ૧૯૬૦ થી ૧૯૬૧ માં કરવામાં આવી હતી.આ કરાડ ડેમની નહેર યોજના દ્વારા ઘોઘંબા તાલુકા ના ૧૧ ગામો અને કાલોલ તાલુકા ના ૧૪ ગામ એમ કુલ ૨૫ ગામો માં ખેડૂતો ને પાણી લાભ આપે છે. અને દુકાળની સ્થિતિમાં પણ આ કરાડ ડેમ જીવાદોરી બની રહે છે.

આ કરાડ ડેમ ડુંગરાળ વિસ્તારમાં આવેલો હોવાથી અનેક જગ્યાએથી પ્રવાસીઓ ફરવા માટે આવે છે. આ ડેમની આજુબાજુ કુદરતી સૌંદર્યનો આનંદ માણવાંની ખૂબ મજા આવે છે. અહીંથી જોતા પાવાગઢ ડુંગરનો નજારો ખૂબ જ જોરદાર લાગે છે. તો બીજી તરફ કુવેચીયા ડુંગરની હારમાળા અને બોરીયા, દાઉદ્રા અને પાલ્લા ગામના નાનાંમોટાં ડુંગર પર આદિવાસીઓના ઘરો અને ખેતરો જોવાં ખૂબ જ સુંદર અને રમણીય લાગે છે. ઝોઝ, ગમાણી, મોલ જેવાં ગામોમાં આદિવાસીઓ ઘર અને ખેતરો કરાડ ડેમના પાણીમાં આવેલાં મોટાં મોટાં બેટ પર આવેલા છે. જે જોઈને એવું લાગે છે કે કુદરતના ચારે હાથ આ ઘોઘંબાની પ્રકૃતિ અને સૌદર્યની અપ્સરાને શણગારી હોય તથા કાશ્મીરી વાતાવરણનો ખાસ અનુભવ યાદ કરાવે છે. આજના આધુનિકયુગમાં વપરાતા ડ્રોન કેમેરા થી જોતાં આપણને ખૂબ જ અદ્દભુત અને લીલુંછમ લાગે. આ સ્થળ પર ગુજરાતી ફિલ્મોના સુંટીંગ પણ થાય છે. જેમાં વિક્રમ ઠાકોર, મમતા સોની, નરેશ કનોડિયા, ચંદન રાઠોડ, જેવાં મોટાં ગજાના ગુજરાતી ફિલ્મોના હીરો પણ આવી ચુક્યા છે. હકીકતમાં આ સ્થળ કુદરતની એક અનોખી ભેટ છે. તો મિત્રો આ જગ્યાની તમે એક વાર મુલાકાત લેજો. જોવામાં ખૂબ જ મજા આવશે. આમ, કુદરતના ખોળે રહેવું અને તેનો લ્હાવો લેવાનો એક ઉત્તમ અવસર આપ સૌને પ્રાપ્ત થાય.

## મોરવા(હ)ના માતરીયા ગામના પરણિતાને પતિ અને સાસરીયાએ ત્રાસ આપતાં ફરિયાદ

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના માતરીયા ગામે રહેતી પરણિતાને ચરિત્ર ઉપર શકવ્હેમ રાખી ઝગડો તકરાર કરી પિતાના ઘરેથી પૈસા લાવવા જણાવી પરણિતાને મારી નાખવાથી આવી પરેશાન કરતાં આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના માતરીયા ગામે રહેતી પતિના બેન બારીયાને ૨૦૧૫ થી આજદિન સુધી તેના પતિ નરેન્દ્રભાઈ રૂપસિંહ બારીયાએ ચરિત્ર ઉપર શક વ્હેમ રાખી હેરાન પરેશાનથી ઝગડો તકરાર કરતા હોય અને પિતાના ઘરેથી પૈસા લઈ આવ જરૂર છે. તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપતા હોય અને સાસુ-સસરા મેણાટોણા મારી જમવા બનાવતા આવડતું નથી. મારે છોકરા માટે બીજી પત્ની લાવવાની છે. તું પિતાના ઘરે જતી રહે તેમ કહી મારઝુડ કરી શારીરિક માનસીક ત્રાસ આપતો આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે પતિ અને સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
પ્રમુખ મંત્રીશ્રી કૃષ્ણ મહિલા બચત મંડળ
તરફથી અભીનંદન....
મુ. કુન્દાવાડા, તા. ધાનપુર, જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
મોહનીયા કરણસિંહ સબુરભાઈ
તરફથી અભીનંદન....
મુ. ખીલીયા, તા. ધાનપુર, જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
રાવત શબ્બીરભાઈ સીરાજભાઈ
તરફથી અભીનંદન....
મુ. સજોઈ, તા. ધાનપુર, જી. દાહોદ